# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

બીજો માળ, એસીપીસી બિલ્ડીંગ, એલ.ડી. કોલેજ ઓફ એન્જી. કેમ્પસ, અમદાવાદ : ૩૮૦૦૧૫ ફોન : ૦૭૯ – ૨૬૩૦૫૫૧૬

## ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ ૨૦૨૧ - ૨૨

ધો.૧૦ પછીના **ડિપ્લોમા ઈજનેરી**ના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રથમવર્ષમાં પ્રવેશ વાંચ્છુક ઉમેદવારો માટે સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યની સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલ હોય તેવી સંચાલક મંડળની બેઠકો માટે આ વર્ષે પણ ગયા વર્ષની જેમ જ **સંપૂર્ણપણે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા** કરવાનું નક્કી કરેલ છે .હાલની નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની વૈશ્વિક મહામારીને ધ્યાને લઇ તેના સંક્રમણને અટકાવવા માટે તેમજ રાજ્ય સરકારની માર્ગદર્શન સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે હેતુ થી પ્રવેશવાંચ્છુક ઉમેદવારોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે .ઉમેદવારે કોઇપણ Document રૂબરૂ આપવા કે ચકાસણી કરાવવા જવાની જરૂર નથી પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન છે.

(1) ઓનલાઇન રજીસ્ટ્રેશન **www.gujdiploma.nic.in** ની વેબસાઇટ પર તારીખ 17/06/2021 થી 15/07/2021 સુધીમાં કરવાનુ રહેશે.

(2) ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે ઉમેદવારો ઇન્ટરનેટ સુવિધાવાળા મોબાઇલ/કોમ્પ્યુટર/લેપટોપ/ટેબલેટ દ્વારા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરી શકશે . રજીસ્ટ્રેશનની પ્રક્રિયાની સરળ સમજૂતી માટે **www.acpdc.co.in** પર વિવિધ માહિતી ,અન્ય માર્ગદર્શિકા અને વિડિઓ લીંક ઉપલબ્ધ છે જે અવશ્ય જોવી.

(3) રજીસ્ટ્રેશન પ્રક્રિયા કરવા માટે **www.gujdiploma.nic.in**પર સંપૂર્ણ વિગત ભરી, જરૂરી દસ્તાવેજો અપલોડકરી રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.200/- (Non refundable) ઓનલાઇન પેમેન્ટ થી જ કરવાનુ રહેશે .આ અંગેની કોઇપણ મુશ્કેલી માટે પ્રવેશ સમિતિની **હેલ્પ લાઇન નંબર 079-26566000 (24x7)** પર આપ સંપર્ક કરી શકો છો.

(4) ડિપ્લોમા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેનાર દરેક સંસ્થાઓ (જેની યાદી **www.acpdc.co.in** પર ઉપલબધ છે.) ખાતે Cyber Space-Center (સવારે 11:00 થી 05:00 કલાક, જાહેર રજાના દિવસો સિવાય) કાર્યરત રહેશે. હાલની COVID-19 ની પરિસ્થિતીને ધ્યાને લઇ જરૂરી Social Distance અને સરકારશ્રી ની પ્રવર્તમાન માર્ગદર્શક સૂચનાઓનો ચૂસ્ત પણે અમલ થાય તે મુજબ જરૂર જણાય તો જ ઉમેદવાર Cyber Space-Center ખાતેથી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

(5) રજીસ્ટ્રેશનની આગળની પ્રક્રિયા અંગેની વધુ માહિતી સમિતિની અધિકૃત વેબસાઇટ અને અગ્રગણ્ય સમાચારપત્રો માં સમયાંતરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારોએ સમિતિની અધિકૃત વેબસાઇટ નિયમિત મુલાકાત લઇ અદ્યતન માહિતી જોતા રહેવા આથી જણાવવામાં આવે છે .

***ખાસ નોંધ* -:TEB/ITI/IGTR પેટર્નના કયા અભ્યાસક્રમોને ક્યા તત્સમાન ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મળવા પાત્ર છે તેની વિગત www.acpdc.co.in પર મુકવામાં આવેલ છે .જેને ધ્યાને રાખીને જ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.**

તા. 17/06/2021 *** Official Website: www.acpdc.co.in (only)** હેલ્પ લાઇન નંબર 079-26566000(24x7) મેમ્બર સેક્રેટરી